# હિંમતનગર અને પ્રાંતિજમાં કોરોનાના બે કેસ

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અને પ્રાંતિજમાં મંગળવારે કોરોનાના વધુ બે કેસ નોંધાયા છે જેથી કોરોનાના કેસની સંખ્યા ૧૨૬ પર પહોંચી છે તથા બે દર્દીઓને હોસ્પિટલમાંથી રજા અપાઈ છે.

આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ પંચદેવ સોસાયટીમાં રહેતા એક ૪૪ વર્ષિય મહિલાની તબિયત લથડ્યા બાદ આ મહિલાના ટેસ્ટ કરવામાં આવ્યા હતા જ્યાં મંગળવારે આ મહિલાનો કોરોના ટેસ્ટ પોઝીટીવ આવ્યો છે. જેથી મહિલાને સારવાર માટે હિંમતનગર સિવિલમાં રખાયા છે.

તો ઉપરાંત પ્રાંતિજના વ્હોરવાડમાં રહેતા એક ૭૦ વર્ષિય પુરૂષ પણ કોરોનાની ઝપેટમાં આવ્યા બાદ તેઓએ બિમારીમાં સપડાયા હતા જેથી આરોગ્ય વિભાગ દ્વારા તેમનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો છે જેમાં કોરોના વાયરસના લક્ષણો દેખાયા બાદ તેમને તરત જ સારવાર માટે હિંમતાનગર સિવિલમાં ખસેડાયા છે. આમ અત્યાર સુધીમાં સાબરકાંઠા જિલ્લામાં કોરોના પોઝીટીવ કેસની સંખ્યા ૧૨૬ પર પહોંચી છે. જિલ્લામાં સતત નોંધાઈ રહેલા કોરોના પોઝીટીવ કેસને કારણે તંત્ર દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારની ગાઈડલાઈન મુજબ જે તે મકાનમાં રહેતા સ્ત્રી અથવા પુરૂષને કોરોના પોઝીટીવ રીપોર્ટ આવ્યા બાદ ઘરના બાકીના સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરી દેવામાં આવે છે તથા વધુ સંક્રમણ ન થાય તે માટે તેની આસપાસના કેટલાક વિસ્તારોને કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરીનો લોકોની અવરજવર કરવા પર પ્રતિબંધ મુકી દેવામાં આવે છે. જોકે દૂધ તથા મેડીકલ સહિતની અન્ય સેવાઓ રાબેતા મુજબ ચાલુ રાખવામાં આવે છે.

સાબરકાંઠા જિલ્લામાં અગાઉ દાખલ થયેલ બે દર્દીઓના સમયાંતરે કરાયેલા ટેસ્ટ બાદ રીપોર્ટ નેગેટીવ આવ્યા બાદ તેમને હોસ્પિટલમાંથી રજા આપવાનો નિયમ છે ત્યારે મંગળવારે હિંમતનગરના એક તથા તલોદ તાલુકાના એક એમ કુલ બે દર્દીઓને રજા અપાઈ છે.

## બાયડ પોલીસની દબંગાઈ

# માસ્ક ન પહેરવાના દંડ પેટે સિક્કા આપતા પોલીસે વેપારીને ફટકાર્યો : સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જીલ્લા સહીત બાયડ શહેરમાં કોરોના વાયરસનો કહેર દિનપ્રતિદિન વધી રહ્યો છે. બાયડમાં મોટા ભાગના વેપારીઓ અને લોકો માસ્ક પહેરતા નથી, સોશ્યલ ડીસ્ટન્સન પણ અભાવ જોવા મળી રહ્યો છે. કોરોના સંક્રમણ અટકાવવા સરકારે જાહેર સ્થળો પર માસ્ક પહેરવાનું અને ધંધા-રોજગારના સ્થળે સોશ્યલ ડિસ્ટન્સ ફરજીયાત કર્યું છે. માસ્ક ન પહેરતા લોકોને ૨૦૦ રૂપિયા દંડ ફટકારવામાં આવે છે. આ માટે પોલીસને પણ દંડ ફટકારવાની સત્તા આપવામાં આવતા અનેક જગ્યાએ પોલીસ અને લોકો વચ્ચે ઘર્ષણના બનાવો બની રહ્યા છે. ત્યારે બાયડ શહેરમાં દૂધની ડેરી ધરાવતા વેપારીને પીસીઆર વાન લઈ પહોંચેલી પોલીસે માસ્ક ન પહેરવા અંગે ૨૦૦ રૂપિયાનો દંડ ફટકારતાં વેપારીએ દંડ પેટે રૂ.૧૦ અને ૫ ના સિક્કા આપતાં પોલીસકર્મીઓનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો હતો અને સીક્કા લેવાનો ઈન્કાર કરી ખાખી વર્દી ગુંડાગર્દી પર ઉતરી આવી વેપારીને ભરબજારમાં ફટકારતા સનસનાટી મચી ગઈ હતી. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરા કેદ થઈ હતી. વેપારીઓમાં પોલીસની દબંગાઈ સામે ભારે આક્રોશ જોવા મળ્યો હતો. ભોગ બનનાર વેપારીએ લુખ્ખાગીરી કરનાર પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં નહીં આવે તો પોલીસ સ્ટેશનમમાં આત્મહત્યા કરવાની ચીમકી ઉચ્ચારાતા પોલીસબેડામાં ખળભળાટ મચ્યો છે.

બાયડ પોલીસ સ્ટેશનની પીસીઆર વાન માસ્ક પહેરવાની અમલવારી અને દંડ ફટકારવાની કામગીરી હાથ ધરી હતી. બાયડ શહેરમાં દૂધની ડેરી ધરાવતા દશરથભાઈ પંડિત તેમની ડેરી પર રાબેતા મુજબ કામકાજ કરી રહ્યા હતા ત્યારે પીસીઆર વાન તેમની ડેરી આગળ પહોંચતા દશરથભાઈએ માસ્ક પહેર્યું ન હોવાથી ૨૦૦ રૂપિયા દંડ ફટકારતા વેપારીએ કીડીઓ કરડી હોવાથી માસ્ક હાલ જ કાઢ્યું હોવાની દલીલ કરી હતી, ત્યારબાદ દંડની રકમ પેટે વેપારીએ રૂ. ૫ અને ૧૦ ના સિક્કા આપતા પોલીસે પિત્તો ગુમાવ્યો હતો અને વેપારીને ફટકાર્યો હતો. હવે આ મામલે વેપારીએ પોતાની દુકાનના સીસીટીવી તપાસીને પોલીસ સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે.





બાયડમાં દૂધની ડેરી ધરાવતા અને પોલીસકર્મીઓની દબંગાઈનો ભોગ બનેલા દશરથભાઈ પંડિતના જણાવ્યા અનુસાર મારી દુકાન સામે પોલીસની ગાડી ઊભી રહી હતી મને ત્યાં બોલાવીને માસ્ક ન પહેરવાનું કારણ પૂછ્યું હતું. મને કીડીઓ કરડી હોવાથી માસ્ક પહેર્યું ન હતું અને દંડ ભરવાની આનાકાની કર્યા બાદ મે દંડ ભરવાની હા પાડી હતી. જે બાદમાં મે દંડ તરીકે રૂ.૧૦ના સિક્કા આપતાં પીસીઆર વાનમાં રહેલા પોલીસકર્મીઓએ દંડની રકમ સ્વીકારવાના બદલે અચાનક મને માર માર્યો હતો. આ ઘટના મારી દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ છે.

## ધનસુરા રામજી મંદિરમાં રથયાત્રાની ભવ્ય ઉજવણી

કોરોનાને લઈને ધનસુરા રામજી મંદિરમાં મંદિર પરિસરમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા કાઢવામાં આવી હતી. ત્યારબાદ ભગવાનના દર્શન ધનસુરા રામજી મંદિરમાં યોજાયા હતા. જેમાં સૌ ભક્તોએ ભગવાનના દર્શન કર્યા હતા. મંદિરમાં કોરોનાને લઈને સોશિયલ ડિસ્ટન્સ જળવાય એ બાબતનું પણ ધ્યાન રાખવામાં આવ્યું હતું અને ભક્તોએ ભગવાનના દર્શન અને પ્રસાદીનો લાભ લીધો હતો. ધનસુરા રામજી મંદિરના મહંત મહામંડલેશ્વર પુરણશરણદાસજી મહારાજજીના સૌ ભકતોએ આશીર્વાદ લીધા હતા અને ધનસુરા રામજી મંદિર ના મહંત મહામંડલેશ્વર પુરણશરણદાસજી મહારાજજી અને રામશરણ દાસજી મહારાજજીએ મંદિરમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાને લઈને ભવ્ય આયોજન કર્યું હતું.




**ખેડબ્રહ્મામાં રથ લઈને ન નીકળ્યા ઘનશ્યામ**

ખેડબ્રહ્માના ઠાકોર મંદિર ટ્રસ્ટ સંચાલિત રાધાકૃષ્ણ મંદિર ધ્વારા અષાઢી બીજના દિવસે યોજાતી પરંપરાગત ભગવાન જગન્નાથની રથયાત્રા મોકૂફ રાખવામા આવી હતી. દેશમાં કોરોના મહામારીના ફેલાવાના કારણે અને શહેરમાં વાયરસના સંક્રમણથી ગામ લોકોને બચવવાના આશયથી ટ્રસ્ટ ધ્વારા રથયાત્રાનો કાર્યકર્મ મોકૂફ રાખવામા આવ્યો હતો અને મનિદ્રમાં માત્ર ધજા આરોહણનો કાર્યકમ યોજાયો હતો. ધજા આરોહણના યજમાન તરીકે અટારા લખુભાઈ ભીમજીભાઈએ લાભા લીધો હતો તથા ધજા આરોહણ મંદિરમાં આવેલા દર્શનાથી ગોપાલભાઈ પટેલ, હરેશભાઈ રામી, હરેશભાઈ ભાવસાર, ભીખાભાઈ ઠાકોર તથા પૂજારી જસવંતલાલ પંડ્યા ધ્વારા કરવામાં આવ્યુ હતું.

## ખેડબ્રહ્મામાં શહીદોને શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ

ખેડબ્રહ્મા, તા. ૨૩

ખેડબ્રહ્મા તાલુકાના આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા સોમવારે વીર જવાનોને શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં લદાખમાં રાત્રિના સમય ચીન ધ્વારા કરેલા હુમલાથી ૨૦ વીર જવાનો વીરગતિને પામ્યા હતા તેમણે ખેડબ્રહ્મા કાશી વિશ્વનાથ મહાદેવા મંદિર ખાતે શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. જેમાં તિરંગા સાથે શહીદ જવાનોના ફોટા રાખી પુષ્પગુચ્છ અને અબીલ ગુલાલથી શ્રદ્ધાંજલિ આપી હતી તથા એકત્રિત થયેલ લોકો ચીનની તમામ વસ્તુઓનો બહિષ્કાર કરવાનો અને રાષ્ટ્રના હિત માટે સ્વદેશી અપનાવવાનો સંકલ્પ લેવાં આવાવ્યો હતો અને આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગદળના કાર્યકરોએ અન્ય લોકોને સમજાવવા આહવાન કર્યું હતું.



**ભિલોડામાં ટાટ પાસ બેરોજગાર યુવાનો ધ્વારા ધારાસભ્યને આવેદનપત્ર આપ્યું**

ભિલોડામાં ટાટ પાસ બેરોજગાર યુવાનો ધ્વારા ભિલોડા-મેઘરજ ધારાસભ્ય ડાં.અનિલભાઈ જોષીયારાને આવેદનપત્ર અપાયું હતું. ટાટ પાસ બેરોજગાર યુવાનોની તકલીફો આવેદનપત્ર રૂપે લેખિતમાં રજુ કરી હતી. ભિલોડા-મેઘરજ ધારાસભ્ય ડાં.અનિલભાઈ જોષીયારાએ જણાવ્યું હતું કે હું ટાટ પાસ બેરોજગાર યુવાનો વતી શિક્ષણમંત્રી, શિક્ષણ સચિવ અને વિધાનસભામાં રજુઆત કરીશ અને બેરોજગાર યુવાનોને પુરેપુરો ન્યાય મળે તેવો પ્રયાસ કરી વહેલી તકે સમસ્યાનું નિરાકણ લાવીશ તેમ જણાવ્યું હતું.

# ઈડરના પાવાપુરીમાં બે જૈનમુનિ સામે દુષ્કર્મની ફરિયાદ થતા ખળભળાટ

ઈડર,તા.૨૩

સાબરકાંઠામાં ઈડરના પાવાપુરી મંદીરના બે મહારાજ સાહેબ વિરુદ્ધ દુષ્કૃત્યની ફરિયાદ નોંધાવવામાં આવી છે. એટલું જ નહીં ઈડરના પાવાપુરી દેરાસરના ટ્રસ્ટીને પણ ધમકી આપવામાં આવી છે. દેરાસરના મહારાજ સાહેબ દ્વારા ઠપકો આપવા ગયેલા ટ્રસ્ટીને મારી નાંખવાની ધમકી પણ આપવામાં આવી હતી. દુષ્કૃત્ય આચર્યાની વીડિયો કલીપ અને ફોટો પોલીસ સમક્ષ રજૂ પણ કરાયા છે. મહારાજ સાહેબના ટ્રસ્ટીઓ સાથે ગેરવર્તનને લઈ નારાજગી પણ ફેલાઈ છે. હાલ પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.

ઈડરના પાવાપુરી મંદીરના બે મહારાજ સાહેબે દુષ્કૃત્ય આચરતા હોવાનો ઠપકો આપવા ગયેલા ટ્રસ્ટીને મારી નારી નાંખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. જે ફરિયાદમાં મંત્રતંત્ર અને મેલી વિદ્યાનું કરવાનું કહીને ડરાવી ધમકાવીને મહિલાઓ સાથે દુષ્કૃત્યો આચરવામાં આવ્યા હોવાનું કહેવામાં આવ્યું છે. આ મામલે મહિલાના પતિએ વીડિયો અને તસવીર સહિતના પુરાવા આપ્યા છે. હાલ દુષ્કૃત્ય આચર્યાની બંને મહારાજ સાહેબ વિરુદ્ધની વિડીયો કલીપ અને ફોટો પોલીસ સમક્ષ રજૂ કરાયા છે.

સાબરકાંઠામાં ઈડરના પાવાપુરી મંદીરના બે મહારાજ સાહેબે અમદાવાદ અને સુરતની પરિણીતાઓને શિકાર બનાવી હતી અને તેમના પર દુષ્કર્મ આચર્યું હોવાની વાત સામે આવી રહી છે.

# દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે ઓનલાઈન યોગા ક્લાસ અને વેબિનારનું આયોજન કરાયું

પાલનપુર, તા. ૨૩

છઠ્ઠા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે ઓનલાઈન યોગા ક્લાસ અને વેબિનારનું આયોજન નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ દ્વારા કરવામાં આવ્યું હતું.



૧૯ જૂનથી ત્રિદિવસીય સવારે ૬.૧૫થી ૭ વાગ્યા સુધી યુનિવર્સિટીની યુ ટ્યુબ ચેનલ પર યુનિવર્સિટીના યોગા એક્સપર્ટ ડાં. જગદીશ ચૌધરી અને ડાં. હિતેશ પટેલ દ્વારા જુદા જુદા આસનો ઓનલાઈન દર્શાવી તે આશન અને કસરતો કઈ રીતે ઉપયોગી થાય છે તે બતાવ્યુ હતુ.

૨૦-૬-૨૦૨૦ના રોજ 'યોગા અને મેડિટેશન ફોર ઈમ્યુનિટી બુસ્ટિંગ' વિષય પર રાષ્ટ્રીય વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબિનારમાં ભારત દેશમાંથી અંદાજે ૧૩૫ જેટલાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને વિવિધ અધિકારીઓ જોડાયા હતા.

આ વેબિનાર 'મેડિટેશનની અગત્યતા' વિશે શીએન્ડવી, ગાંધીનગરના ડાયરેક્ટર શ્રીમતી કૃતિ પટેલે ઊંડાણથી સમજાવ્યું હતુ તથા નિયતિ જોશી, દહેરાદૂન 'યોગની અગત્યતા' વિષય પર ઉદાહરણ સાથે સમજાવ્યું હતું. બન્ને વકતાઓએ 'યોગ અને મેડિટેશન' મનુષ્ય માટે હાલની કોવિડ-૧૯ મહામારીના દિવસોમાં અગત્યતા છે તે વિષે વિસ્તૃત જણાવ્યું હતું. યુનિવર્સિટીના કુલપતિ ડાં. આર.કે. પટેલે અત્યારની વિપરીત પરિસ્થિતિમાં 'યોગ અને મેડિટેશન' જ મનુષ્યની ખરી મદદ કરશે તેમ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ હતું.

યુનિવર્સિટીના નિયામક, વિદ્યાર્થી કલ્યાણ ડાં. કે. પી. ઠાકર અને નિયામક આઈ.ટી. ડાં. હિતેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વેબિનારનું સંચાલન યશ પઢિયાર અને આભાર વિધિ ડાં. એસ.પી. પંડયાએ કરી હતી.

# સ્ટેટ ઓફ આર્ટ કોરોના કોવિડ વાઈરસ પરીક્ષણ સરકારી લેબ વડનગર મેડિકલ કોલેજ ખાતે ઉપલબ્ધ

### મહેસાણા અને સુરેન્દ્રનગર જિલ્લાના કોરોના ગ્રસ્ત લોકોને આ સુવિધાનો વિનામૂલ્યે લાભ મળશે

મહેસાણા,તા. ૨૩

કેન્દ્ર સરકારે કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા સારૂ દર્દીઓના વાઈરસના અવલોકન પરીક્ષણ સારૂ ખૂબ નજીકના સ્થળે થઈ શકે એટલા માટે રાજ્યમાં મહેસાણા અને સુરેન્દ્રનગર જિલ્લાના દર્દીઓના કોરોના વાઈરસ પરીક્ષણ દૈનિક ૮૦ દર્દીઓના કોરોના ટેસ્ટની ક્ષમતા ધરાવતી આ લેબ અંદાજે એક કરોડ રૂપિયાના ખર્ચે સરકારી




લેબ વડનગરની મેડિકલ કોલેજ ખાતે આજથી કાર્યાન્વિત કરવામાં આવી છે. સ્ટેટ ઓફ આર્ટ લેવલની આ કોરોના કોવિડ વાઈરસ પરીક્ષણ લેબ આજથી ચાલુ થઈ છે. એમ મહેસાણા જિલ્લા કલેક્ટર એચ. કે. પટેલે જણાવ્યું હતું.

ઊંઝા અને વડનગર વિસ્તારના ધારાસભ્ય આશાબેન પટેલ અને અગ્રણી મૂર્ધન્ય સમાજ સેવક સોમાભાઈ મોદીએ શ્રીફળ અર્પણ કરી આ લેબને ખુલી મુકતા જણાવ્યું હતું કે આથી મહેસાણા જિલ્લાના અને આસપાસના કોરોના વાઈરસ અસરગ્રસ્તોના વિના મૂલ્યે તબીબી પરીક્ષણ ખૂબ ઝડપથી અને સચોટ પણે ઘર આંગણે ઉપલબ્ધ થયા છે.

આ પસંગે મહેસાણા જિલ્લા વિકાસ અધિકારી મનોજભાઈ દક્ષિણી વિશેષ ઉપસ્થિત રહી જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. આ પ્રસંગે સીડીએચઓ ડો. ટી.કે. સોની, મહેસાણા સિવિલ સર્જન ડો. હર્ષદભાઈ પરમાર, વડનગર મેડિકલ કોલેજના ડીન ડો.સુનિલભાઈ ઓઝા, જીએમઆરઈએસ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો. એચ.ડી. પાલેકર, કોરોના નોડલ ઑફિસર ડૉ. સુભાષ ગુર્જર, આરએમઓ ડો. એસ.એસ. પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કોરોના કોવિડ વાયરસ પરીક્ષણ લેબના ઈન્ચાર્જ ડો. સ્વેતાબેન પ્રજાપતિ, ડો. રાકેશ રજત અને ડૉ. પાયલ રાવલે સમગ્ર લેબની કાર્યપદ્ધતિની જાણકારી આપી હતી. સોશિયલ ડિસ્ટન્સ જાળવવાની સરકારના માર્ગદર્શન હેઠળ ખૂબ જ કાળજી રાખી સીમિત ગણમાન્ય સમાજ સેવકો અને અધિકારીઓની ઉપસ્થિતિમાં સાદગીસભર આ લેબને જાહેર જનતાના લાભાર્થે ખુલ્લી મુકવામાં આવી હતી.



મોડાસા નગરપાલિકા ધ્વારા મોડાસા નગરની તેમજ આસપાસ ની જનતાને માટે મોડાસા નગરના ચાર રસ્તા પાસે ટોકન વોટર એ.ટી.એમ. આજે રથયાત્રા ના શુભ દિવસે ખુલ્લુ મુકવામાં આવ્યુ છે, એક રૂપિયા માં ૨૦૦ એમએલ અને પાંચ રૂપિયા માં ૧, લીટર પાણી આર ઓ નું શુદ્ધ પાણી પીવા મળશે આ લોકાર્પણ પ્રસંગે મોડાસા નગરપાલિકા ના પ્રમુખ સુભાષ શાહ અને પાણી પુરવઠા ના ચેરમેન કેતનભાઈ ત્રિવેદી ના હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું આ નિમિતે ઉપપ્રમુખ, જ્યોત્સના બેન કડિયા, કારોબારી ચેરમેન આશીષ ભાઈ તથા કોર્પોરેટર, દિનેશભાઈ ગુર્જર, આર. જી. વણકર મહામંત્રી રણધીરભાઈ અને યશવંતભાઈ નગરપાલિકા ચિફ ઓફીસર જીગ્નેશ બારોટ તથા દેવાંગ સોની ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ દ્વારા ૧૨૫૫૦નો દંડ વસુલાયો

### લોકડાઉનને લીધે કામગીરી મોકુફ કરાઈ હોવાનો દાવો : જિલ્લામાં અનેક સ્થળે આજે પણ પ્રતિબંધિત વિસ્તારોમાં ગુટકા વેચાતી હોવાની બુમ

હિંમતનગર, તા. ૨૩

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૩માં તમાકુ નિયંત્રણ અધિનિયમ બનાવીને તેનો અમલ કરાવાની જવાબદારી આરોગ્ય વિભાગને સોંપવામાં આવી છે ત્યારે શરૂઆતમાં તંત્ર દ્વારા કડક અમલ કરાતો હતો પરંતુ સમય જતા તેનો અમલ ઓછો થઈ ગયો છે. ત્યારે સાબરકાંઠા જિલ્લામાં કોરોના લોકડાઉન બાદ જિલ્લા આરોગ્ય વિભાગના તમાકુ નિયંત્રણ સેલ દ્વારા અંદાજે ૭૭ કેસ કરીને નિયમનો ભંગ કરનાર નાગરીકો તથા વેપારીઓ પાસેથી અંદાજે રૂ. ૧૨૫૫૦નો દંડ વસુલાયો હોવાનું સૂત્રોમાંથી જણાવાયુ છે.

આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગના તાબામાં આવતા તમાકુ નિયંત્રણ સેલની મંગળવારે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં મળેલી સમીક્ષા બેઠકમાં રજુ કરાયેલી માહિતી અંતર્ગત વર્ષ ૨૦૦૩માં અમલી બનેલા તમાકુ નિયંત્રણ અધિનિયમ હેઠળ જે કામગીરી કરવાની થાય છે તેમાં જિલ્લામાં આવેલ જાહેર સ્થળો, શૈક્ષણિક સંસ્થાઓના ૧૦૦ વારના વિસ્તારમાં તમાકુનુ વેચાણ, સિગરેટ ઉત્પાદન અને સંગ્રહ કરાય તો નિયમનો ભંગ થાય છે.

જે અંગે તમાકુ નિયંત્રણ સાબરકાંઠા સેલ દ્વારા લોકડાઉન અગાઉ આ કામગીરી કરાતી હતી પંતુ લોકડાઉનને લીધે આરોગ્ય વિભાગની જવાબદારીઓ વધી જવાથી આ કામગીરી વધુ અસરકારક રીતે થતી ન હતી પરંતુ ગત તા. ૧ જૂનના રોજ અનલોક-૧ નો અમલ થયા બાદ તમાકુ નિયંત્રણ સેલ દ્વારા હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે આવેલા જાહેર સ્થળો તથા અન્ય પ્રતિબંધિત વિસ્તારોમાં વેચાતી તમાકુ અને તેની બનાવટો તથા સિગરેટના વેચાણ અને સંગ્રહ કરવા બદલ ૨૩ દિવસમાં ૭૭ જગ્યાએ તપાસ કરીને નિયમોનો ભંગ કરવા બદલ તેના સંગ્રહકર્તા અને વેચાણકર્તાઓ પાસેથી અંદાજે રૂ. ૧૨૫૫૦ નો દંડ વસુલવામાં આવ્યો હોવાનું તમાકુ નિયંત્રણ સેલના જવાબદાર અધિકારી દ્વારા જણાવાયુ છે.

# ગોરખધંધા માટે પંકાયેલુ તૃષ્ણા ગેસ્ટહાઉસ ફરીથી સીલ કરાયુ

હિંમતનગર, તા. ૨૩

હિંમતનગર-અમદાવાદ રોડ પર સાબરડેરી નજીક આવેલ અને ગોરખધંધા માટે પંકાયેલા એક ગેસ્ટહાઉસમાં દિવસ અને રાત્રે ગોરખધંધા થતા હતા જેને લઈને છ એક માસ અગાઉ ગ્રામજનોની ફરીયાદને આધારે આ ગેસ્ટહાઉસને દેખાવ ખાતર બંધ કરાવવામાં આવ્યુ હતુ. પરંતુ કેટલાક ભ્રષ્ટ અધિકારીઓના આશીર્વાદનો કારણે આ ગેસ્ટહાઉસ ફરીથી ધમધમતુ બની ગયુ હતુ. જે અંગે જિલ્લા કલેક્ટરનો માહિતી મળતા મંગળવારે પ્રાંત અધિકારીને આદેશ કરી આ ગેસ્ટહાઉસને ફરીથી સીલ કરી દેવામાં આવ્યું છે.

આ અંગે કલેક્ટર કચેરીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરડેરી નજીક આવેલ તૃષ્ણા ગેસ્ટહાઉસના સંચાલકો અધિકારીઓની મિલીભગતને લઈને પોતાની મનમાની ચલાવી રહ્યા છે ત્યારે આ ગેસ્ટહાઉસ ગોરખધંધા માટે આખા જિલ્લામાં પંકાઈ ગયુ છે એટલુ જ નહી પણ હિંમતનગરની નજીક તથા સાબરડેરી પાસે આવેલ કેટલીક શૈક્ષણિક સંસ્થાઓમાં આવતા યુવાધનને આકર્ષવા માટે આ સંચાલકો દ્વારા અવનવા પેતરા કરવામાં આવે છે.

જેને લઈને આસપાસના ગામમાં રહેતા લોકોએ પોલીસતંત્ર સમક્ષ કરેલી રજુઆત બાદ છ માસ અગાઉ આ ગેસ્ટહાઉસને સીલ કરીને તેના સંચાલકો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. ત્યારબાદ આ સંચાલકોની પહોંચને કારણે અધિકારીઓએ ગેસ્ટહાઉસ ચાલુ કરવાની પરવાનગી આપી હોય તેવી શકયતા છે અથવા તો સંચાલકોએ ખાનગીમાં ગોરખધંધા શરૂ કરી દીધા હતા. દરમિયાન આ અંગે જિલ્લા કલેક્ટર સી.જે. પટેલ સમક્ષ સાબરડેરી નજીકના ગામડાઓમાં રહેતા ગ્રામજનોએ કરેલી જોરદાર રજુઆત બાદ ખુદ જિલ્લા કલેક્ટર પણ ચોંકી ઉઠ્યા હતા અને મંગળવારે હિંમતનગરના પ્રાંત અધિકારીને સાબરડેરી પાસેના તૃષ્ણા ગેસ્ટહાઉસને સીલ કરવાના આદેશ કર્યા હતા.

ત્યારબાદ પ્રાંત અધિકારીએ સંલગ્ન વિભાગના અધિકારીઓને સાથે રાખી તૃષ્ણા ગેસ્ટહાઉસની તપાસ કરીને તેને સીલ મારી દીધુ હતુ અને તે અંગેનો અહેવાલ જિલ્લા કલેક્ટરને આપી દેવામાં આવ્યો છે. અહી પ્રશ્ન એ થાય છે કે અગાઉ જ્યારે આ ગેસ્ટહાઉસ સીલ કરાયા બાદ તેને શરૂ કરવાની પરવાનગી કોણે આપી તે તપાસનો વિષય છે.

## ઝેરડા પાસે વિદેશી દારૂ સાથે ઈસમ પકડાયો

ડીસા, તા. ૨૩

રાજસ્થાનમાંથી વિદેશી દારૂની હેરાફેરી માટે બનાસકાંઠા જિલ્લો પ્રવેશદ્વાર ગણાય છે. બુટલેગરો રાજસ્થાનમાંથી વાહનો દ્વારા યેનકેન પ્રકારે જિલ્લાના માર્ગો ઉપરથી આખા ગુજરાતમાં વિદેશી દારૂ ઘુસાડવામાં સફળ રહે છે હવે તો બુટલેગરો બાઈકો દ્વારા પણ દારૂની હેરાફેરી કરવા લાગ્યા છે ત્યારે મળેલ બાતમી આધારે ડીસા તાલુકા પોલીસે ઝેરડા ગામ નજીક રવિવારે રાજસ્થાન તરફથી ડિસ્કવરી બાઈક લઈ આવતા ઈસમને થોભાવી બાઈક ઉપર લગાવેલ થેલામાં તપાસ કરતા વિદેશી દારૂની બોટલો મળી આવી હતી તેથી પોલિસે દારૂ અને બાઈક મળી ૩૬ હજાર ઉપરાંતનો મુદામાલ કબજે કરી બાઈક ચાલક ઓખારામ દેવારામ ચૌધરી (રહે. જાલોર-રાજસ્થાન) વિરુદ્ધ પ્રોહીબિશન એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.